सत्यमेव जयते

**<u>મહેરબાન એડીશનલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટ નં.૦૪ માં, મું.અમદાવાદ</u>**

દાખલ તારીખ 25/10/2018

નોંધણી તારીખ 25/10/2018

ફેસલ તારીખ 30/4/2024

**ફો.કેસ નં. 97338/2018**

**આંક:– ૧૬**

**<u>ગુનો: ભારતીય દંડ સંહિતાની કલમ – 392, 114 મુજબનો .</u>**

**ફરીયાદી:–**

| | |
|---|---|
| ફરીયાદી | ગુજરાત સરકારશ્રી |
| ફરિયાદ આપનાર | રાજેન્દ્રકુમાર સત્યપ્રકાશ ગુપ્તા |
| ફરીયાદી તરફે | **વિદવાન .એ.પી.પી.શ્રી ગોસ્વામી** |
| આરોપીઓ | **૧) કનૈયાલાલ રામપ્રવેશ યાદવ**<br>**રહે–મ.નં. ૧૩, આદિશ્વર નગર સોસાયટી, આદિશ્વર કેનાલ પાસે, નરોડા, અમદાવાદ.**<br>**૨) હિતેન્દ્ર છોટુભાઇ સિંગોલીયા**<br>**રહે–મ.નં. ૧૦૩, ઔડાના મકાન વસાણી પાર્ટી પ્લોટ પાસે, નિકોલ, અમદાવાદ.**<br>**૩) અનિલ ઉર્ફે ગાડો રમેશભાઇ ઠાકોર**<br>**રહે – મફતનગરના છાપરા, દેવી સિનેમા સામે, મહાપ્રભુજીની બેઠક સામે, નરોડા, અમદાવાદ** |
| આરોપીઓ તરફે | **વિ. વ. શ્રી એ. જે. શેખાવત** |

**<u>મૌખિક પુરાવા:–</u>**

| | | |
|---|---|---|
| 1 | ફરિયાદી રાજેન્દ્રકુમાર સત્યપ્રકાશ ગુપ્તા ની સોગંદ પરની જુબાની | આંક – ૧૦ |

**<u>દસ્તાવેજી પુરાવા:–</u>**

| | | |
|---|---|---|
| ૧ | ફરિયાદ | આંક – ૧૧ |
| ૨ | પંચનામુ | આંક – ૧૨ |
| 3 | પંચનામુ | આંક – ૧૩ |
| ૪ | ક્લોઝીંગ પુરસીસ | આંક – ૧૫ |

**–:: <u>ચુ કા દો</u> ::–**

**૧.** ફરીયાદપક્ષનાં કેસની ટુંકમાં હકીકત એવી છે કે, તા. ૦૪/૮/૧૮ ના ક. ૦૦/૪૫ વાગે

દાસ્તાન ફાર્મના ગેટની પાસે ૧૦૮ જતા પહેલા જાહેર રોડ પર નરોડા ખાતે ફરિયાદી પોતાની ટાટા ઈન્ડીકા કાર જીજે ૦૧ ૪૮૨૫ ની લઈ ઉભા હતા તે વખતે ત્રણેય આરોપી એક્ટીવા લઈ આવી આરોપી નં. ૧નાએ ફરિયાદીને લાફો મારી, ફરિયાદીએ પહેરેલ સોનાની ચેઇનની ચોરી કરી લઈ જઇ, ભારતીય દંડ સંહિતાની કલમ – 392, 114 મુજબનો ગુનો નરોડા પોલીસ સ્ટેશન ફ. ગુ.ર.નં. ૨૫૫/૨૦૧૮ થી નોંધાયેલ. તે સંદર્ભે તપાસ કરનાર અમલદારે જરૂરી કાર્યવાહી હાથ ધરી આરોપીઓ વિરૂધ્ધ પુરતો પુરાવો જણાતા ચાર્જશીટ કરતા હાલનો કેસ ઉપસ્થિત થયેલ છે.

**૨.** આ કામનાં આરોપીઓ કોર્ટમાં હાજર થતાં પોલીસ તપાસનાં કાગળો મળી ગયાની ખાતરી કરી આરોપીઓ વિરુધ્ધ આંક– ૬ તહોમતનામું ફરમાવી, વાંચી સંભળાવવામાં આવેલ છે, ત્યારબાદ આંક– ૭ થી ૯ પ્લી લેતા આરોપીઓએ ગુનાનો ઈન્કાર કરતા ન્યાયની કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

**૩.** સદર કામે ફરીયાદપક્ષનો પુરાવો રજુ થઈ જતાં વિશેષ નિવેદન નોંધવા લાયક પુરાવો જણાઈ આવતો ના હોય, આરોપીઓનું વિશેષ નિવેદન લેવામાં આવેલ નથી, ત્યારબાદ ફરીયાદપક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી તથા આરોપીઓ તરફેનાં વિ.વકીલશ્રીની મૌખિક દલીલ સાંભળી.

**૪.** ઉપરોકત સંજોગોમાં મારા નિર્ણય માટે નીચે મુજબનાં મુદદાઓ ઉપસ્થિત થાય છે.

– :: **મુદ્દા** :: –

(૧) શું ફરીયાદપક્ષ નિ:શંકપણે સાબિત કરે છે કે, તા. ૦૪/૮/૧૮ ના ક. ૦૦/૪૫ વાગે દાસ્તાન ફાર્મના ગેટની પાસે ૧૦૮ જતા પહેલા જાહેર રોડ પર નરોડા ખાતે ફરિયાદી પોતાની ટાટા ઈન્ડીકા કાર જીજે ૦૧ ૪૮૨૫ ની લઈ ઉભા હતા તે વખતે ત્રણેય આરોપી એક્ટીવા લઈ આવી આરોપી નં. ૧નાએ ફરિયાદીને લાફો મારી, ફરિયાદીએ પહેરેલ સોનાની ચેઇનની ચોરી કરી લઈ જઇ, ભારતીય દંડ સંહિતાની કલમ – 392, 114 મુજબનો ગુનો કરેલ છે?

(૨) શું હુકમ ?

**૫.** આ કામે ઉપરોક્ત મુદ્દાના મારા નિર્ણયો નીચે મુજબ છેઃ

(૧) નકારમાં

(૨) આખરી હુકમ મુજબ

**૬.** ઉપરોકત જવાબ અંગેનાં કારણો નીચે મુજબ છે.

**<u>–: કા ર ણો :–</u>**

**૭. મુદા નં.૧ ચર્ચા :–**

ઉપરોકત તમામ હકીકત ધ્યાને લઈએ તો આ કામનાં આરોપી સામે ભારતીય દંડ સંહિતાની કલમ – 392, 114 મુજબના ગુન્હાનો આક્ષેપ છે. આ કામનાં આરોપી સામેનો કેસ નિ:શંકપણે પુરવાર કરવાનો બોજો ફરીયાદપક્ષે રહેલ છે. ફરીયાદપક્ષે રજુ થયેલ પુરાવાની હકીકત ધ્યાને લેવામાં આવે તો આ કામે ફરીયાદપક્ષે ફરીયાદી રાજેન્દ્રકુમાર સત્યપ્રકાશ ગુપ્તા નાઓને આંક– ૧૦ થી સોંગદ ઉપર તપાસતા તેઓ જણાવે છે કે, " બનાવ ૨૦૧૮ના વર્ષમા બનેલ. તે વખતે તેના સોનાના ચેઇનની લુંટ થયેલ. આ લુંટ કોણે અને કેવી રીતે કરેલ તેની હકીકતો વિશે તેઓ કંઇ જાણતા નથી. બનાવની ફરિયાદ તેઓએ આપેલ. પોલીસે તેઓને લુંટ કરનાર ઇસમની ઓળખ કરાવેલ નથી તેઓ વધુ કોઇ પુરાવા આપવા માંગતા નથી. " આમ ફરીયાદીના પુરાવો વંચાણે લેવામાં આવે તો સદરહું ફરીયાદી તેમનાં પુરાવામાં આંક– ૧૧ થી રજુ થયેલ ફરીયાદમાં તેમની સહી સિવાય મહત્વની હકીકતોને સમર્થન કરતા ન હોય ફરીયાદપક્ષે હોસ્ટાઈલ જાહેર કરવામાં આવેલ છે. તેમજ પરવાનગીથી વિગતવારની ઉલટતપાસ કરતા ફરીયાદ મુજબની હકીકતને લેશમાત્ર સમર્થન કરેલ નથી. તેમજ બચાવપક્ષ ઘ્વારા લેવામાં આવેલ ઉલટતપાસમા હાલના આરોપીએ કોઇ જ પ્રકારની લુંટ કરેલ નથી એવુ સ્પષ્ટપણે કબુલ કરતા હોય, ફરીયાદપક્ષે જે આંક– ૧૧ વાળી ફરીયાદ આપવામાં આવેલ છે તે મુજબની હકીકતોને ફરીયાદપક્ષે પુરવાર કરવામાં આવેલ નથી. વધુમાં ફરીયાદપક્ષે આંક– ૧૫ થી કલોઝીંગ પુરસીસ આપવામાં આવેલ હોય, સદરહું કામ એક માત્ર ફરીયાદી ને આ કામે રેકર્ડ ઉપર તપાસવામાં આવેલ છે અને તેઓ ઘ્વારા પણ આરોપી વિરુઘ્ધની કોઈ જ હકીકત જણાવતા નથી. જેથી ફરીયાદપક્ષે રજુ થયેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાથી આ કામનાં આરોપીએ તહોમત મુજબનો ગુન્હો કરેલ હોય તેવી કોઈ જ હકીકત રેકર્ડ ઉપર લાવવામાં ફરીયાદપક્ષ નિષ્ફળ નિવડેલ છે તેમ મારુ નમ્ર પણે માનવું છે. જેથી આ કામનાં આરોપીઓએ ભારતીય દંડ સંહિતાની કલમ – 392, 114 મુજબનો સજાને પાત્ર ગુન્હા કરેલા છે કે કેમ ? તે સાબિત કરવામાં ફરીયાદપક્ષ સદતંર નિષ્ફળ રહેલ હોય જેથી મુદદા નં.૧ નો મારો નિર્ણય 'નકારમાં ' આપી મુદદા નં.ર પરત્વે ન્યાયનાં હિતમાં નીચે મુજબનો આખરી હુકમ ફરમાવું છું.

**–:: <u>આખરી હુકમ</u> ::–**

– આ કામનાં આરોપીઓ – **૧) કનૈયાલાલ રામપ્રવેશ યાદવ રહે–મ.નં. ૧૩, આદિશ્વર નગર સોસાયટી, આદિશ્વર કેનાલ પાસે, નરોડા, અમદાવાદ ૨) હિતેન્દ્ર છોટુભાઇ સિંગોલીયા રહે–મ.નં. ૧૦૩, ઔડાના મકાન વસાણી પાર્ટી પ્લોટ પાસે, નિકોલ, અમદાવાદ ૩) અનિલ ઉર્ફે ગાડો રમેશભાઇ ઠાકોર રહે – મફતનગરના છાપરા, દેવી સિનેમા સામે, મહાપ્રભુજીની બેઠક સામે, નરોડા, અમદાવાદ** નાઓને ભારતીય દંડ સંહિતાની કલમ – 392, 114 મુજબના ગુન્હાના કામે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

મુદ્દામાલ અંગે અગાઉ થયેલ હુકમ કાયમ રાખવામાં આવે છે તેમજ જો આ કામે જમા થયેલ મુદ્દામાલ પો. સ્ટે.માં પડેલ હોય તો પી.એસ.આઇ.એ મુદ્દામાલના માલિક અંગેની ઇન્કવાયરી કરી પરત સોપવા કાર્યવાહી કરવા આદેશ કરવામાં આવે છે.

આરોપીએ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–437(એ) મુજબ અપીલ સમય સુધીના જામીન તેમજ તેટલી જ રકમના જાતમુચરકા આપવાના રહેશે.

હુકમ આજરોજ વાંચી, સંભળાવી, સહી કરી ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

તારીખઃ 30/4/2024
અમદાવાદ.

(હીના જીતેન્દ્રભાઈ બ્રહ્મભટ્ટ)
એડી. ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,
કોર્ટ નં. ૭, અમદાવાદ.
યુનિક કોડ નં. જીજે–૦૧૧૭૨

ડી. કે. ઝાલાવાડીયા – પી. એ.